બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૨

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

**☞ વિશેષ નોંધ ☜**

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા.ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

## (વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, આઠમી આવૃત્તિ -એપ્રિલ, ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''લોયા ગામમાં ઘી- દૂધ ક્યાં મળે છે ?'' (૨૫/૭૫)

➯ દાદાખાચર - મહારાજને

➯ સુરાખાચરે મહારાજને લોયા પધારવા વિનંતી કરી. તે સમે દાદાખાચરે પણ મહારાજને વિનંતી કરતાં કહ્યું :'મહારાજ ! લક્ષ્મીવાડીમાં રીંગણાં બહુ સારાં થયાં છે. અમે જાતે તૈયાર કર્યાં છે. રીંગણાં બહુ સમય રહેશે નહિ, માટે તે જમ્યા પછી બીજે જવાનું રાખો. ત્યારે કહે છે.

૨. ''ડોશીમા જીવે ત્યાં સુધી તેમની સેવા કરો.'' (૨૮/૮૫)

➯ શ્રીજીમહારાજ - ડોસાભાઈને

➯ મહારાજની આજ્ઞાથી ડોસાભાઈએ ભગવાં પહેરી ગઢડા ગયા. મહારાજે તેમને ફરી ધોળાં વસ્ત્ર આપી એ વસ્ત્ર પહેરી ઘેર જવાની આજ્ઞા કરતાં કહે છે.

૩. ''એ તો હું. આ ઘરમાં અમે રહીએ છીએ.'' (૨૫/૭૬)

➯ બાઈ - સુરાખાચરને

➯ રાત્રે બાર વાગે એક વેશ્યા જેવી સ્ત્રીએ જસદણના ઠાકોરના કહેવાથી સુરાખાચરના ઉતારે જઈને બારણું ખખડાવ્યું. ત્યારે સુરાખાચરે પૂછ્યું : કોણ છે ? ત્યારે કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **બંગાળના મહંતને લોજ આશ્રમે આવતાં અંતરમાં શાંતિ થઈ ગઈ. (૨૦/૬૧)** બંગાળના એક આશ્રમના મહંતે શ્રીજીમહારાજના મહિમાની વાતો સાંભળી. મહારાજની વાતો કરતા તીર્થવાસીઓની વાતચીતથી જ ઓસરીમાં શીતળ તેજ છવાઈ ગયું. જ્યારે વાતો બંધ થઈ કે પ્રકાશ અદૃશ્ય થઈ ગયો. મહંતે વિચાર્યું કે જેની વાત કરવામાં જ આવો અદ્‌ભુત ઐશ્વર્ય પ્રતાપ જણાય છે તો તેમનામાં કેવું અપાર ઐશ્વર્ય હશે. આમ વિચારી પોતાના દસ-બાર ચેલાઓને સાથે લઈ દ્વારકાની જાત્રાએ નીકળ્યા. ફરતાં ફરતાં લોજમાં આવ્યા. અહીં સદાવ્રતમાં ભિક્ષા લેવા આવ્યા. મહારાજ સ્વયં ભિક્ષા આપતા હતા. તેમનાં દર્શન માત્રથી જ મહંતને સમાધિ થઈ અને તેમાં બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, ગોલોક વગેરે ધામોનાં દર્શન થયાં. પછી અક્ષરધામમાં દિવ્ય સિંહાસન પર બિરાજમાન અનંત કોટિ મુક્તોથી વીંટળાયેલા, સ્તુતિ કરતા ને અપાર દિવ્ય ઐશ્વર્યશક્તિએ યુક્ત એવા શ્રીજીમહારાજનાં દર્શન થયાં. આ દર્શનથી તેમને અંતરમાં ખૂબ શાંતિ થઈ ગઈ.

૨. **કૃપાનંદ સ્વામી બોલ્યા, ''તમારા ચરણમાં અડસઠ તીર્થ સમાયાં છે.''** (૧૭/૫૨-૫૩) 'આ દેહે કરીને ભગવાન ભજી લેવાં છે.' એવી દૃઢ ઈચ્છાવાળા કનોજના બે બ્રાહ્મણ જગન્નાથપુરીના મંદિરમાં ગયા. ત્યાં વૈરાગીઓને પરસ્પર યુદ્ધ થતાં આ બે બ્રાહ્મણ પણ ઉદાસ થઈને દ્વારકાની જાત્રાએ નીકળ્યા. રસ્તામાં ભુજમાં મહારાજ સદાવ્રત આપતા હતા. જગન્નાથપુરીમાં નીલકંઠ વર્ણીરૂપે જોયેલા મહારાજના દર્શન થયાં. તેમને દર્શનથી અપાર શાંતિ થઈ ગઈ. મહારાજ પાસે દીક્ષાની માગણી કરી. મહારાજે પૂછ્યું તમે શું સમજીને રહેશો ? ત્યારે તેમણે કહ્યું 'અડસઠ તીર્થ તમારાં ચરણમાં સમાયાં છે.' તમારી પાસે જ કલ્યાણ છે એવી અમોને પ્રતીતિ થઈ છે. આમ, તેઓએ દ્વારકાની યાત્રા અધવચ્ચે અટકાવી દઈ દીક્ષા લીધી.

૩. **જેતલપુરની ગણિકાનું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ થયું.** (૧૧/૨૯-૩૧) શ્રીજીમહારાજને જેતલપુરમાં મહાન યજ્ઞ કરવો હતો. અને અસંખ્ય બ્રાહ્મણોને જમાડવા હતા. તેથી જેતલપુરની શેરીઓમાં શ્રીજીમહારાજ ગાડું ભરેલા ઘઉં સાથે ઘરોઘર ફરી સૌને બે માપ ઘઉં દળવા માટે આપતા હતા. ફરતાં ફરતાં શ્રીજીમહારાજ એક વેશ્યાના ઘર પાસે આવ્યા. તે અવાજ સાંભળી બહાર આવી ને મહારાજની મૂર્તિમાં તણાઈ ગઈ. તેણે મહારાજને પૂછ્યું. 'સ્વામિન્ ! તમે આ ઘઉં સૌને દળવા આપો છો તો તેનું મહેનતાણું શું આપશો ?' ત્યારે મહારાજે કહ્યું, 'અમે આ કાર્ય માટે રાજી થઈને આશીર્વાદ આપીએ છીએ.' ગણિકાએ ઘઉં દળવા માગ્યા ત્યારે મહારાજે તેને કહ્યું, 'તું તારા હાથે દળીશ તો તને આશીર્વાદ મળશે.' ગણિકા બે માપ ઘઉં લઈ પોતાના ઘરમાં ગઈ. સ્નાન કરી શુધ્ધ થઈ ઘંટી સાફ કરી જાતે દળવા બેઠી. દાસીઓએ ઘણું કહ્યું, 'અમે દળી આપીએ' પરંતુ તેને તો શ્રીજીમહારાજને પ્રસન્ન કરવાની લગની લાગી હતી. તેથી દૃઢતાપૂર્વક ના પાડીને સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતાં કરતાં દળવા લાગી. આખી રાત અન્ન પાણી લીધા વગર તેણે દળ્યું. સવારે સ્નાન કરી કોઈ પણ જાતના ઠાઠમાઠ વિના સાદાં વસ્ત્રો ધારણ કરી લોટનો ટોપલો લઈ પગે ચાલી મહારાજ પાસે આવી ટોપલો તેમના ચરણમાં મૂક્યો. સભાજનો શંકા-કુશંકા કરવા લાગ્યા, 'વેશ્યાએ જાતે નહીં દળ્યું હોય, દાસીઓ પાસે દળાવ્યું હશે, તેને વળી આશીર્વાદ કેવા ?' પરંતુ પ્રભુને તેના નિર્મળ અંતઃકરણ અને પ્રેમની ઝાંખી લોકોને કરાવવી હતી તેથી પુછ્યું, 'તેં જાતે દળ્યા છે ?' તે બોલી 'હા' પ્રભુએ કહ્યું, 'તારા હાથ બતાવ તો !' હાથ ઉપર ફોલ્લાઓ પડી ગયા હતા. સભાજનો આ જોઈને સ્તબ્ધ બની ગયા. મહારાજે તેને આશીર્વાદ આપતા કહ્યું, 'જા, તારું મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ થશે.'

૪. **બાબા સાહેબનું કટક ચાર ભક્તોના ખેતરમાં જઈ શક્યું નહીં.** (૨૨/૬૬-૬૭) ભાદરાના આઠ કણબી હરિભક્તો ઉપર મહારાજનો આજ્ઞાપત્ર આવ્યો કે 'આ પત્ર મળતાંની સાથે તમે ગઢપુર આવજો.' તે વખતે ખેતરોમાં પાક તૈયાર થઈ ગયો હતો. લણવાનો જ બાકી હતો. ચાર હરિભક્તોએ પાક લણીને જવાનો વિચાર કર્યો ને બીજા ચાર હરિભક્તો પત્ર મળતાં જ ઊભો મોલ મહારાજના ભરોસે મૂકીને ગઢડા પહોંચી ગયા. મહારાજે તેઓને પંદર દિવસ રોક્યા. હંમેશાં થાળની પ્રસાદી આપતા. કથાવાર્તા ને દર્શન-સમાગમનું સુખ લઈ તેઓ ભાદરા આવ્યા. જોયું તો ગામનાં બધાં ખેતરો ઉજ્જડ થઈ ગયાં હતાં. રોકાઈ ગયેલા ચાર હરિભક્તોએ રડતાં રડતાં તેઓને કહ્યું 'તમો ગયા પછી બીજે જ દિવસે બાબા સાહેબનું કટક આવ્યું ને તેમના ઘોડાઓએ ગામનાં બધાં ખેતરોમાંથી પાક સાફ કરી નાખ્યો. તમારા ચાર જણનાં ખેતરો અકબંધ છે. કોઈ દાખલ થવા જાય ને વીજળીનો ઝાટકો વાગે છે. ખેતરને કિનારે માણકી ઘોડીના ડાબલા પણ દેખાય છે. તમે આજ્ઞા પાળી તો મહારાજનાં દર્શન પણ થયાં અને પાક પણ સચવાયો.

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **રાજાના વિશેષ ધર્મ** (૧/૪) સત્સંગી રાજાએ શાસ્ત્રની આજ્ઞા મુજબ પોતાના પુત્ર પેઠે આત્મબુદ્ધિપૂર્વક પ્રજાનું પાલનપોષણ કરવું. પોતાના રાજ્યમાં ધર્મનું સ્થાપન કરવું. દેવમંદિર કરાવવાં, શાસ્ત્ર રચાવવાં વગેરે કરવું. સત્સંગી રાજાએ રાજ્યનાં સાત અંગ- સ્વામી, અમાત્ય, મિત્ર, કોષ, રાષ્ટ્ર, દુર્ગ અને બળ અથવા સૈન્ય, ઉપાય (સામ, દામ, ભેદ અને દંડ) તથા છ ગુણ - સંધિ, વિગ્રહ (શત્રુ પક્ષને લૂંટવા, બાળી નાખવું વગેરે), યાન (શત્રુ સાથે યુદ્ધ) દ્વૈધીભાવ (દુશ્મન સૈન્યના બે ભાગ પાડવા), સમાશ્રય (હાર પામતા બળવાનનો આશરો લેવો), સ્થાન (હારના સમયે કિલ્લામાં રક્ષણ લેવું) તે સર્વે યથાર્થ જાણવાં. તીર્થ સ્થાન અને ગુપ્તચર (ચાર) મોકલવાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા પ્રધાન, પુરોહિત, સેનાપતિ વગેરે તથા યોગ્ય ન્યાયાધીશ નિયુક્ત કરી, દંડનીય તથા નિર્દોષને યથાર્થ રીતે સમજવા. (૧૫૮) **અથવા**

૨. **ઉકાખાચર** (૩/૯-૧૧) ગઢપુરમાં મહારાજના બેસવાના ઓટા ઉપર કૂતરાએ મળથી બગાડ્યું હતું. પ્રાતઃકાળે હરિભક્તો મહારાજનાં દર્શન કરવા અક્ષર ઓરડીએ જતા હતા, ત્યારે કૂતરાએ બગાડેલો ઓટો જોઈને બોલવા લાગ્યા કે ''બહું ખોટું થયું, મહારાજ સભા ભરશે ત્યારે ક્યાં બિરાજશે ?'' એમ વાતો કરે પણ કોઈને એમ ન થયું કે સાફ કરી નાંખીએ. થોડીવારે ઉકાખાચર ઘેલામાં સ્નાન કરી મહારાજનાં દર્શન કરવા જતા હતા, ત્યાં લીંબતરુ નીચેના ઓટા પર કૂતરાનું મળ જોયું. તરત જ સાવરણી અને પાણી લઈ ઓટો સાફ કર્યો. ઘેલામાં જઈ ફરી સ્નાન ર્ક્યું. પછી મહારાજનાં દર્શન કરવા પધાર્યા. ત્યારે મહારાજે મોડા આવવાનું કારણ પૂછ્યું, ઉકાખાચર મૌન રહ્યા. એક ભક્તે ઉપરનું વૃતાંત કહ્યું. મહારાજ તેમના પર ખૂબ રાજી થઈ ભેટ્યા. ઉકાખાચરની સેવા માટેની શ્રદ્ધા પણ અદ્‌ભૂત હતી. તેઓ તથા તેમના પત્ની સવારના વહેલા ઊઠી સ્નાન પૂજાથી પરવારી દરરોજ દાદાના દરબારથી તે ઉન્મત ગંગા સુધીનો રસ્તો સાવરણીથી વાળતા, કાંકરા વીણી લેતા, ઉનાળામાં તો પાણી પણ છાંટતા. ઉકાખાચરને તો આવી સેવાનું વ્યસન હતું. આખા સંપ્રદાયમાં ઉકાખાચર તેમના નિર્માનીપણા માટે તથા સેવાના અંગ માટે પ્રસિદ્ધ છે. શ્રીજીમહારાજ પણ વચ.ગ.મ. ૨૫માં કહે છે 'જેને ઉકાખાચરના જેવું સેવા કરવાનું વ્યસન હોય તેની વાસના તત્કાળ નાશ પામે છે.''

૩. **સંપ્રદાયનાં શાસ્ત્રો : ભક્તચિંતામણિ અને શ્રીહરિલીલામૃત** (૧૨/૩૮-૩૯) **ભક્તચિંતામણિ :** ભક્તચિંતામણિ ગુજરાતી ભાષામાં ચોપાઈમાં રચાયેલો પદ્ય-ગ્રંથ છે. આ ગ્રંથના રચયિતા સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી છે. શેખપાટ જેવા નાના ગામડામાં જન્મેલા આ સંત પોતે અશિક્ષિત હોવા છતાં મહારાજની કૃપાદૃષ્ટિથી ખૂબ ભક્તિભાવપૂર્વક અદ્‌ભુત ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં કુલ ૧૬૪

પ્રકરણ છે. તેમાં મહારાજનાં ચરિત્ર સાથે હોળી અને અન્નકૂટ ઉત્સવના પ્રસંગો છે. મહારાજે જે જે ગામોમાં વિચરણ કર્યું તે સર્વે તથા તે તે ગામના લગભગ મુખ્ય હરિભક્તોની નામાવલિ પણ સમાવી લીધેલ છે. ૬૪મું ફગવાનું પ્રકરણ સત્સંગમાં અત્યંત પ્રચલિત છે. શ્રીજીમહારાજનાં પુરૂષોત્તમપણાના પ્રકરણ ૭૬ તથા ૧૦૩થી૧૦૫ ખૂબ સુંદર અને મનનીય છે. પંચવર્તમાન નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન સંબંધી પ્રકરણો ૧૦૬થી૧૧૦ પણ જાણવા જેવાં છે. પ્રકરણ ૧૦૨માં મહારાજના અપાર મહિમા અને દિવ્ય લીલાનું વર્ણન છે. તેથી સ્વામીની ભક્તિમય દૃષ્ટિનો ખ્યાલ આવે છે. મહારાજના વર્ણન કરેલ દિવ્ય ચરિત્રોનું ચિંતન કરનારા ભક્તોને ચિંતામણિ તુલ્ય સર્વ મનોરથોને પૂર્ણ કરનારો હોવાથી આ ગ્રંથનું 'ભક્તચિંતામણિ' બ્રહ્મસ્વરૂપ એવું સાર્થક નામ આપ્યું છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ હરિભક્તોને કષ્ટ નિવારવા ભક્તચિંતામણિનો પાઠ કરવાની આજ્ઞા કરતા

**શ્રીહરિલીલામૃત :** શ્રીહરિલીલામૃત ગુજરાતી સાહિત્યની દૃષ્ટિએ ઉત્તમ લેખાતો ગ્રંથ છે. સંપ્રદાયની ઐતિહાસિક વિગતો આ ગ્રંથમાં સમાવેલ છે. કવિશ્રી દલપતરામની કલમે લખાયેલ આ ગ્રંથ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજના નામે પ્રસિદ્ધ છે. છંદની સુંદર ગૂંથણી સાથે ચિત્ર-પ્રબંધની તે સમયની વિશિષ્ટ શૈલી આ ગ્રંથમાં જોવા મળે છે. વિવિધ છંદ, ઉપદેશની સચોટ રીત, અલંકાર-પદલાલિત્યથી સભર આ ગ્રંથ સારા કંઠે વારંવાર સાંભળવાનું અને ચિંતન કરવાનું મન થાય તેવો ઉપજાતિમાં મૂકેલ ઉપદેશ જીવનમાં ઘણો જ ઊપયોગી થાય તેવો છે. શ્રીજીમહારાજના જીવન સાથે ભક્તોનાં આખ્યાનો રોચક અને મનનીય છે. આચાર્યશ્રીએ મહારાજનો સર્વોપરી ભાવ લખવામાં ઊણપ નથી રાખી. તે પરથી તેમની ઈષ્ટદેવ પ્રત્યેની ભકિતનો ખ્યાલ આવે છે. વરતાલ દેશમાંથી બે ભાગમાં પ્રસિધ્ધ થયેલ આ ગ્રંથ સુંદર છે. **અથવા**

૪. **ઉપાસના (૨૩/૬૮-૭૨)** શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે 'ઉપાસના વગર કોઈ વાતની સિદ્ધિ થતી નથી.' ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે 'કદાપિ આજ્ઞામાં ફેર પડે તો પ્રાયશ્ચિત કરીને પણ શુદ્ધ થવાશે, પણ જો ઉપાસનામાં ફેર પડ્યો તો તે ખામી ભાંગશે નહિ.' ઉપાસના એટલે શું ? તો ઉપ+આસન, એટલે સમીપમાં આસન. ભગવાનની સમીપમાં રહેવું અર્થાત્ હંમેશા ભગવાનના સામીપ્યનો અનુભવ કરવો તેનું નામ ઉપાસના. ઉપાસના હંમેશાં અક્ષરરૂપ કે બ્રહ્મરૂપ થઈને કરવાની હોય છે. શ્રીજીમહારાજ વચનામૃત ગ.મ. ૩માં ઉપાસનાની રીત સમજાવતાં કહે છે : 'પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.' શ્રીજીમહારાજના આ વચન અનુસાર ઉપાસના તો હંમેશાં પરબ્રહ્મની જ કરવાની હોય છે. અર્થાત્ ઉપાસના હંમેશાં બે ચરણની જ છે. પરંતુ પરબ્રહ્મની આ ઉપાસના કરવા માટેનો આદર્શ અક્ષરબ્રહ્મ છે. તેથી જેવી રીતે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરે છે, તેવી ઉપાસના તો આપણે જ્યારે અક્ષરરૂપ થઈએ ત્યારે જ કરી શકીએ. માટે અક્ષરરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી એ જ સિદ્ધાંત છે. પુરુષોત્તમ નારાયણ સદા દિવ્યગુણો યુક્ત, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, સર્વકર્તા અને સદા પ્રગટ સમજવા અને આવી સમજણ દ્વારા તેમનું સતત સાન્નિધ્ય અનુભવવું તેનું જ નામ ઉપાસના. પરબ્રહ્મ શ્રીજીમહારાજ, અનંત, અમાયિક અને દિવ્ય ગુણોના ધારક છે. તેઓ સર્વગુણે સંપન્ન, સર્વ સુખના નિધિ અને સર્વ દોષે રહિત છે. તેઓ અતિ રૂપવાન અને અતિ તેજસ્વી છે. તેઓ સદા સાકાર છે અર્થાત્ તેમનો આકાર અને રૂપ દિવ્ય અને અમાયિક છે. તેઓ સદા દ્વિભુજ અને કિશોરમૂર્તિ છે. શ્રીજીમહારાજ સર્વોપરી છે. તેઓ જીવ, ઈશ્વર, માયા, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મ - એ સર્વથી પર છે. તે સૌના સ્વામી છે. તેઓ એક જ સ્વતંત્ર છે. જ્યારે જીવ, ઈશ્વર, માયા, મુક્તો, અને અક્ષરબ્રહ્મ પરબ્રહ્મને આધીન છે. તેઓ સર્વ કારણના કારણ છે, સર્વના નિયંતા છે, સર્વના આધાર છે અને અતિ સમર્થ છે. શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ છે. તેમની ઇચ્છા પ્રેરણાથી અવતારો વિરાટબ્રહ્મામાંથી ઉત્પન્ન થાય છે. તે સર્વ અવતારોમાં શ્રીજીમહારાજનો અનુપ્રવેશ હતો અને હોય છે. અક્ષરપર્યંત સર્વને પોતાનામાં લીન કરી નાખવાની શક્તિ તેઓ ધરાવે છે. તેઓ યોગશ્વર છે અને સર્વે યોગકળાના નિધિ છે. પુરુષોત્તમ ભગવાન પોતાના દિવ્ય અક્ષરધામમાં રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડમાં પોતાની ઇચ્છાએ કરીને જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને પ્રકાશે છે અને મુમુક્ષુઓને સુખ આપે છે. અક્ષરધામમાં અનંત કોટિ મુક્તો અને અક્ષરબ્રહ્મ તેમનાં ચરણકમળની સેવામાં હોય છે. શ્રીજીમહારાજ સર્વજ્ઞ છે. અનંત કોટિ બ્રહ્માંડોનાં જીવ-પ્રાણીમાત્રમાં તથા ઈશ્વર, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મમાં અંતર્યામીપણે રહ્યા છે. અનંત કોટિ બ્રહ્માંડનાં જીવ-પ્રાણીમાત્રની ક્રિયાને, પોતાના ધામમાં રહ્યા થકા તેઓ જાણે છે - હસ્તામલકવત્ પ્રત્યક્ષ દેખે છે. શ્રીજીમહારાજ સર્વકર્તા છે; કર્તું, અકર્તું અને અન્યથાકર્તું શકિત ધરાવે છે. તેમની ઇચ્છા વગર સૂકું પાંદડું પણ હલાવ્યું હલતું નથી. સર્વના કર્મફળપ્રદાતા પણ તેઓ જ છે. તેમની પ્રેરક શકિત વગર જીવ-પ્રાણીમાત્ર, ઈશ્વરો, માયા કે મુક્તો એ કોઈ કાંઈ કરવાને સમર્થ નથી. તેમની ઇચ્છાથી જ અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. શ્રીજીમહારાજ સદા દિવ્યમૂર્તિ છે. તેમની મૂર્તિ જેવી અક્ષરધામમાં અનંત ઐશ્વર્ય, શક્તિ અને દિવ્યગુણ સંપન્ન છે, તેવી ને તેવી જ અહીં પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે પણ દિવ્ય અને અનંત શક્તિ તથા ઐશ્વર્યે યુક્ત છે. ધામની મૂર્તિ અને અહીં પ્રત્યક્ષ વિચરતી મૂર્તિમાં કાંઈ ભેદ નથી. તેમની મૂર્તિને વિષે સાકરના નારિયેળની પેઠે ત્યાગભાવ સમજવો નહીં. અહીં પૃથ્વી પર તેમની મૂર્તિને વિષે જે કાંઈ દેહભાવ જેવું જણાય છે તે તો નટ(જાદુગર)ની માયાની પેઠે છે. ભગવાન પુરુષોત્તમ નારાયણ જીવના કલ્યાણને અર્થે જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. માટે 'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે. એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' (વચ.ગ.પ્ર. ૭૧) આમ, શ્રીજીમહારાજે અક્ષરની સાથે જ પોતાનું સ્વરૂપ સમજવાનું છે એમ નિર્દેશ કર્યો છે અને એ રીતે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરવી એ જ સાચી અને શુદ્ધ ઉપાસના છે, તે સમજાવ્યું છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે. જેમ પરબ્રહ્મ એક અને અદ્વિતીય (અજોડ) છે, તેમ અક્ષરબ્રહ્મ પણ એક અને અદ્વિતીય છે. અક્ષરબ્રહ્મ સત્, ચિદ્, આનંદ છે. તે અનાદિ અને નિત્ય છે.

અક્ષરબ્રહ્મ પણ સર્વ માયિક અને પ્રાકૃત ગુણથી રહિત અને દિવ્ય ગુણોએ યુક્ત છે. તેથી અક્ષરબ્રહ્મ પણ નિર્ગુણ છે. અક્ષરબ્રહ્મ, એ પોતાના સંબંધમાં જે કોઈ આવે તેને પણ નિર્ગુણ કરી નાખે છે. અક્ષરબ્રહ્મ એ જીવ, ઈશ્વર અને માયાના કારણ છે (અહીં કારણ એટલે ઉત્પત્તિ સર્ગમાં વિરામ પામેલા, તેમની દૃષ્ટિથી પાછા ઉત્પન્ન થયા છે તેમ સમજવું) અને તેમના આધાર છે. તે અખંડ અને અવિનાશી છે, કાળ, માયાથી પર છે. અક્ષરબ્રહ્મ નિરંશ, નિર્વિકારી અને કૂટસ્થ (સ્થિર) છે. ત્રણે ગુણોથી પર - ગુણાતીત છે. આ એક જ અનાદિ અક્ષરબ્રહ્મ નિરાકાર એકરસ ચૈતન્ય ચિદાકાશરૂપે અનંત કોટિ બ્રહ્માંડોના આધાર છે, તે જ મૂર્તિમાન ધામરૂપે પુરુષોત્તમ નારાયણ અને અનંત કોટિ અક્ષરમુક્તોને સદાય ધારી રહ્યું છે. આ ધામરૂપ અક્ષર તે અમાપ અને વિશાળ છે. તેમના એક એક રોમને વિષે અનંત કોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં ફરે છે. અક્ષરની આવી મોટપ છે કે તેની આગળ બ્રહ્માંડ અણુ જેટલાં નાના જણાય છે. તે અક્ષરનું સગુણ સ્વરૂપ છે. આ જ અક્ષરબ્રહ્મ દિવ્યપુરુષાકારે વળી મૂર્તિમાન થકા અખંડ પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તો ભગવાનના ઉત્તમ ભક્ત છે અને મુમુક્ષુઓ માટે ભક્તિ-ઉપાસનાનો આદર્શ છે. પુરુષોત્તમ ભગવાન જેવા અક્ષરમાં રહ્યા છે તેવા પ્રકૃતિપુરુષ, મુક્તપર્યંત કોઈમાં રહ્યા નથી. અક્ષરબ્રહ્મ સેવકરૂપે પોતાના સ્વામી જે પુરુષોત્તમ નારાયણ તેની સેવામાં અખંડ રહે છે. પુરુષોત્તમ અને અક્ષર વચ્ચે કાયમનો સ્વામી-સેવકભાવે અપૃથક્ સંબંધ છે. અક્ષરબ્રહ્મ શરીર છે અને પુરુષોત્તમ શરીરી છે. જ્યારે સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો પ્રગટ સંગ મળે, ત્યારે તેના સંગે કરીને જીવ બ્રહ્મરૂપ થાય છે. વચ.કારિ.૧ પ્રમાણે જેમ ભમરીને સંગે જ ઇયળ ભમરી થાય છે, તેમ પ્રગટ અક્ષરબ્રહ્મના સંબંધે જ આ જીવ બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસનાનો અધિકારી બને છે. ત્યારે જ નિર્વિકલ્પ નિશ્ચયની સ્થિતિ થાય છે, ત્યારે જ આત્યંતિક મોક્ષ થાય છે. અને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી કલ્યાણનું દ્વાર બંધ થયું નથી. સ્વામીએ વાતોમાં કહ્યું છે : 'હું તો ચિરંજીવ છું.' અર્થાત્ અનાદિ અક્ષરબ્રહ્મ પરમ એકાંતિક - પરમ ભાગવત સંતરૂપે આ પૃથ્વી પર સદા પ્રગટ વિચરતા હોય છે. આ પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સંત દ્વારા શ્રીજીમહારાજ આ પૃથ્વી પર સમ્યક્ પ્રકારે પ્રગટ રહે છે અને મુમુક્ષુ જીવોને બ્રહ્મસ્થિતિ પમાડીને તેમનું આત્યંતિક કલ્યાણ કરે છે. શ્રીજીમહારાજ કહે છે : એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા સર્વ ક્રિયા કરનાર ભગવાન છે, 'આવા સંત તે સ્વયં હરિ છે.' આવા સાધુનો સંગ કરવો એ જ કલ્યાણનું અસાધારણ સાધન છે. એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, 'મને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું.' માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે. જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતી દેહે જ પામ્યો છે. અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા તુલ્ય ફળ થાય છે. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનો જે કોઈ મુમુક્ષુ મન-કર્મ-વચને સંગ કરે છે અને તેની આજ્ઞા પાળે છે તે જીવ નિર્દોષ થઈ બ્રહ્મરૂપ થઈ જાય છે. અને છતી દેહે પરમપદ જે મોક્ષ તેને પામે છે. આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યા પછી શ્રીજીમહારાજ આત્યંતિક કલ્યાણનો માર્ગ ચાલુ રહે એ હેતુથી ગુણાતીત સંત દ્વારા સદા પ્રગટ છે. વચનામૃત પંચાળા-૭ પ્રમાણે આ પૃથ્વી પરથી ભગવાન કદી અંતર્ધાન થયા જ નથી. તેઓ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ હતા. ત્યાર બાદ ઉત્તરોત્તર બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને હાલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી દ્વારા પ્રગટ છે. આપણી ઉપાસના એટલે શ્રીજીમહારાજ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ (પરબ્રહ્મ), ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મ. અનાદિ અક્ષરબ્રહ્મ દ્વારા શ્રીજીમહારાજ સદા પ્રગટ રહી મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરે છે. એ મોક્ષનું દ્વાર છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એ આજે મોક્ષનું દ્વાર છે. **(નોંધ : ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જ પ્રસંગ લખવા એવું જરૂરી નથી.)**

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ફઈબાની વહુએ મહારાજને શું વચન આપ્યું ? (૭/૧૭)

જ. ફઈબાની વહુએ મહારાજને વચન આપ્યું કે 'તમે અને મારી સાસુ મારે માથે ખડનો પૂળો મૂકી જ્યાં વેચો ત્યાં વેચાઉં, આપ જેમ રાજી થશો તેમજ કરવું છે.'

૨. દેવલોકને ભગવાનના ધામ આગળ કેવા કહ્યા છે ? (૩૧/૯૦)

જ. દેવલોકને ભગવાનના ધામ (અક્ષરધામ) આગળ મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે.

૩. વેદરસ ગ્રંથમાં કયાં કયાં પાંચ પ્રકરણો છે ? (૧૨/૩૪)

જ. વેદરસ ગ્રંથમાં નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્નેહી અને નિર્માની આ પંચ વર્તમાનની વાતો પ્રકરણવાર કરી છે.

૪. શ્રીજીમહારાજની આજ્ઞાથી નવદીક્ષિત અદ્ભુતાનંદ સ્વામી કયા બે ગામમાં ભિક્ષા માગી આવ્યા ? (૪/૧૨)

જ. શ્રીજીમહારાજની આજ્ઞાથી નવદીક્ષિત અદ્ભુતાનંદ સ્વામી પોતાના વતનના ગામ કડુમાં અને સસરાના ગામ મેથાણમાં ભીક્ષા માગી આવ્યા.

૫. ઉપનિષદ્માં આવતા બે આજ્ઞાપાલક ઋષિકુમારોનાં નામ લખો. (૨૨/૬૭)

જ. ઉપનિષદ્ના આજ્ઞાપાલક ઋષિકુમારો સત્યકામ જાબાલિ, આરુણી અને ઉપમન્યુ છે.

૬. રામબાઈ કયા ગામનાં હતાં ? (૨૪/૭૨)

જ. રામબાઈ કઠલાલ ગામનાં હતાં.

**પ્ર.૫** ''ભગવાન ને મોટા સાધુને .....'' (૨૭/૮૧-૮૨) - **સ્વામીની વાત પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**ભગવાન ને મોટા સાધુને આશરે કરીને વાદળ જેવાં દુઃખ આવવાનાં હોય તે પણ ટળી જાય ને સાધન કરીને તો કૂટી કૂટીને મરી જાય તોપણ ન ટળે.**

આ વાતમાં મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી આપણને સમજાવે છે કે આપણે માથે ગમે તેવાં દુઃખ આવ્યાં હોય પણ ભગવાન અને સંતને વિશે અનન્ય નિષ્ઠા રાખી તેમને આશરે બેસીએ તો તેમની કૃપાથી દુઃખ ટળી જાય. તે પર એક પ્રસંગ ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં બનેલ : એક વખત ગુણાતીતાનંદ સ્વામી થાણાગાલોલ ગામે પધાર્યા. અહીંના હરિભક્ત જસા રાજગોર સત્સંગી બહુ સારા. પણ વ્યવહારે ખૂબ જ દુર્બળ. જમીન પણ સાધારણ. બહુ સારું પાકે નહિ. સ્વામી પધાર્યા એટલે પોતાની આવી સ્થિતિ હતી છતાં પણ પોતાની શક્તિ પ્રમાણે સેવા કરી ને સાથે સાથે પ્રાર્થના કરી કે વ્યવહાર દુબળો અને વળી રસ્તાનું ગામ તેથી સંતો હરિભક્તો આવે તેમની સંભાવના પણ બરાબર થતી નથી. અને વ્યવહારમાં પણ અન્ન-વસ્ત્રનું દુઃખ અને ખેતીમાં પણ બરકત નથી. સ્વામીએ પોતાના ભક્તનાં દુઃખ અંગે થોડો વિચાર કરી પુછ્યું, 'તમારી પાસે કાંઈ છે ?' જસા ગોરે પાલી બાજરો ઘરમાં હતો તે લાવી આપ્યો. સ્વામીશ્રીએ તે બાજરો સાથેના સાધુને આપીને કહ્યું, 'આ સાથે લઈ લેજો. જૂનાગઢ જઈ પલાળી સૌ સંતોને મૂઠી મૂઠી આપીશું' પછી સ્વામીએ પૂછ્યું, 'ભગત ! ઘરમાં કંઈ લૂગડું છે ?' પછી ભગત ઘરમાંથી વેજું લઈ આવ્યા. તેમાંથી સ્વામીએ એક ગરણું ફાડી લીધું પછી સ્વામી જસા ભગતને ખેતરે ગયા. ખેતર જોઈને કહ્યું કે, ''આ જમીન તો સોનું પાકે તેવી છે. માટે વણ વાવજે.'' પછી જસા ભગતે સ્વામીની આજ્ઞા મુજબ કોઈનું સાંતી માંગી આડાઅવળા ઓગણીશ લીટા સ્વામીની આજ્ઞા પ્રમાણે કરી વણ વાવ્યો. તે કાલાં (કપાસ) ઘણાં થયા. બધું દેવું ઊતરી ગયું અને પાંચસો રૂપિયા વધ્યા. તેમાંથી સંતોને સારી રસોઈ આપી અને વ્યવહારે ખૂબ સુખી થયા. આ તો સામાન્ય વ્યવહારનું દુઃખ હતું. પણ આશરો અનન્ય હતો તો સાવ સાધારણ જમીનમાં પણ સ્વામીએ અમી રેડ્યું અને દુઃખ ટાળ્યું. આવા અનુભવો તો અનેક હરિભક્તોને થયા છે. પાંડવોને માથે ઘણાં જ દુઃખ આવ્યાં. વનવાસ આવ્યો, લાક્ષાગૃહ બાળ્યું, યુદ્ધ પણ થયું, પણ એક શ્રીકૃષ્ણ ભગવાનનો અનન્ય આશરો હતો તો દુઃખ સર્વે ઊડી ગયાં. અને તેમનો જય થયો. જો ભગવાનનો આશરો ન હોય તો પોતાનું ગમે તેટલું બળ કે બુદ્ધિ કાંઈ કામ લાગતાં નથી. તેથી આપણે પણ દુઃખ આવે ત્યારે ભગવાન અને સંતને બાઝી પડવું. એટલે તેમની ખૂબ ભક્તિ કરવી જેથી દુઃખ સર્વે નાશ પામે અને સુખ થાય.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ ક્રમમાં લખેલા હોય તો અને જેટલા સાચા હોય તેટલા ગુણ આપવા.**

**વિષય : સાધુ (૫/૧૪-૧૫) ફક્ત નંબર :-** ૧ | ૨ | ૫ | ૮ | ૯

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. જયસિ ધર્માત્મજ પ્રગટ પુરુષોત્તમ, જયસિ સહજાનંદ સુખદ સ્વામી.
રટત દશશતવદન નિગમ આગમ સદા, જયસિ ત્વં નમત સુર શીશ નામી (૨/૯)

૨. પ્રીત કર પ્રીત કર પ્રગટ પરબ્રહ્મ શું, પરહર અવર પંપાળ પ્રાણી,
પરોક્ષથી ભવ તણો પાર આવે નહિ, વેદવેદાંત કહે સત્ય વાણી. (૬/૧૬)

૩. સત્સંગી જે તમારા કહાવે, તેનો કે'દી અભાવ ન આવે, દેશ કાળ ને ક્રિયાએ કરી, કેદી તમને ન ભૂલીએ હરિ.
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ; તમને ભજતાં આડું જે પડે, માગીએ એ અમને ન નડે. (૨૬/૭૭)

૪. વહાલા તારી મૂરતિ અતિ રસરૂપ રસિક જોઈને જીવે રે લોલ.
વહાલા એ રસના ચાખણહાર છાશ તે નવ પીએ રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ મોહન મન ભાવતા રે લોલ
આવો મારે મંદિર જીવનપ્રાણ હસીને બોલાવતા રે લોલ. (૨૧/૬૪)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. જનમંગલસ્તોત્રમ્ : ભક્તવર્મણે નમઃ, બુદ્ધિદાત્રે નમઃ, અતિપાવનાય નમઃ, અબુદ્ધિહૃતે નમઃ, બ્રહ્મધામદર્શકાય નમઃ, અપરાજિતાય નમઃ, આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ, શ્રિતસંસૃતિમોચનાય નમઃ (૧૫/૪૯)

૨. गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः । क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः॥ (૩૨/૯૨)

૩. **ગુજરાતી ભાષાંતર :** સાધ્વી સ્ત્રી, ચકોર પક્ષી, પતંગિયું માછલું, મોર અને ચકવાક પક્ષી પોતપોતાના ઇષ્ટ વિષયમાં જેમ સંલગ્ન રહે છે, તેમ ભગવાનના સ્વરૂપમાં જે પ્રસન્નતાપૂર્વક સંલગ્ન (તલ્લીન) રહે છે તે ભક્તિ તથા ધર્મના પુત્ર ! આપને હું શરણે જાઉં છું. (૯/૨૬)

(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી, નવમી આવૃત્તિ, ઑગસ્ટ - ૨૦૧૦)

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

| ☞ **નોંધ : કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.** |
|---|

૧. ''તમારે ક્યાં પરોક્ષ છે ? જુઓ તો આ સંત દ્વારે પ્રત્યક્ષ છે.'' (૫૦/૮૦)

➫ સ્વામી - કાશીરામને

➫ વંથળીને મારગે ચાલતાં સ્વામીએ કહ્યું 'આ રસ્તે જ્યારે જ્યારે નીકળીએ છીએ ત્યારે મહારાજ સાંભરે છે. ત્યારે કાશીરામે કહ્યું : 'જેણે મહારાજને જોયા હોય તેને સાંભરે.' ત્યારે સ્વામી કહે છે.

૨. ''અમારું બોલ્યું માફ કરજો.'' (૪૮/૭૭)

➫ અદ્ભુતાનંદ સ્વામી, શુકસ્વામી, પવિત્રાનંદ સ્વામી - સ્વામીને

➫ શુકમુનિના શિષ્ય હરિસ્વરૂપદાસને સ્વામીએ પોતાની કોટમાંથી હાર કાઢીને પહેરાવીને સ્વામી આગળ ચાલ્યા ત્યારે ત્રણયે સંતોએ સ્વામીને પોતાના આસને બોલાવી પૂજા કરી, માફી માંગતા કહે છે.

૩. ''આ જગ્યાના મહંત કોણ છે ?'' (૪૩/૬૮)

➫ તરણેતરના મહંત - સ્વામીને

➫ સ્વામી મંદિરમાં વાસીદું વાળતાં હતાં તે વખતે તરણેતરના મહંત આવ્યા અને વાસીદું વાળતા સ્વામીને પૂછે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **ગોપાળાનંદ સ્વામીએ ના પાડી છતાં પાર્ષદો ઘાસ કાપવા ગયા. (૨૮/૪૮-૪૯)** ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી પાળાઓ દાતરડાં લઈ ઘાસ કાપવા જવા તૈયાર થયા ત્યારે વચમાં ગોપાળાનંદ સ્વામી મળ્યા અને તેમણે આકાશ સામું જોઈ કહ્યું, કે ભેંસલા ડુંગર ઉપર વાદળ બેઠાં છે માટે વરસાદ બહુ થશે તો ઘાસ કાપવા જશો નહિ. પાર્ષદોને પાછા આવેલા જોઈ ગુણાતીતાનંદ સ્વામીએ કારણ પૂછયું ત્યારે તેઓએ ગોપાળાનંદ સ્વામીએ કહેલી વાત કરી તે જોઈ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'ઠાકોરજી ને ગાયનું દૂધ જ ભાવે છે. ગાયો લીલું ઘાસ ખાધા વગર દૂધ ક્યાંથી આપશે ? માટે જાઓ, વરસાદ નહિ પડે. પછી પડશે.' પાર્ષદો ગયા ને થોડી વારે ઘાસની ગાંસડીઓ લઈ મંદિરે આવ્યા તે જોઈ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું 'ના પાડી હતી છતાં કેમ ગયા હતા ?' પાર્ષદોએ ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી આજ્ઞાની વાત કરી તે સાંભળી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, 'આ તો જોગીનું કામ છે, મારું કહ્યું તો એ જ ફેરવી શકે.' પછી થોડીવારમાં જ મુશળધાર વરસાદ પડ્યો.

૨. **શ્રીજીમહારાજ ગુણાતીતાનંદ સ્વામીને બાવીસ વાર ભેટ્યા. (૯/૨૩-૨૪)** મુક્તાનંદ સ્વામીની ઈચ્છાથી સ્વામીશ્રી સુરતથી મહારાજ માટે અથાણાંની ત્રણ બરણી, સતીગીતાનું પુસ્તક, એક સાદડી તથા બરફીની માટલી લઈને ગઢડા જવા તૈયાર થયા. તેમની સાથે જોડમાં જવા ગોદડિયા શાંતાનંદ નામના સંત પણ તૈયાર થયા. તેમણે કહ્યું તમે કહેશો તો પણ જઈશ અને ના કહેશો તો પણ જઈશ. દુકાળની પરિસ્થિતિ હોવાથી મહારાજ કોઈને મળતા નહિ. પણ નાજા જોગિયાની સૂચનાથી સ્વામી કારિયાણી ગયા અને મહારાજને બધી વસ્તુ અર્પણ કરી દર્શન કર્યાં. સુરતના હરિભક્તોના નામ સ્વામી લેતા જાય અને મહારાજ તેમને મળતા જાય. આમ બાવીસ વાર મહારાજ સ્વામીને ભેટ્યા.

૩. **ખંભાતના નવાબ ગુણાતીતાનંદ સ્વામીનાં ચરણોમાં નમી પડ્યા. (૩૩/૫૭-૫૮)** સંવત ૧૯૧૩ની સાલમાં કાર્તિકી પૂનમનો સમૈયો વરતાલમાં કરી, સંતો હરિભક્તોના આગ્રહથી સ્વામી સંઘ સાથે ખંભાત પધાર્યા. સ્વામીનું વાજતે ગાજતે સ્વાગત કરવા માટે સૌ હરિભક્તો ઉત્સાહથી નવાબસાહેબનો રૂપાનો મ્યાનો સ્વામીને બેસવા માટે લાવ્યા. સૌ હરિભક્તોના અતિશય આગ્રહ છતાં સ્વામી રૂપાના મ્યાનામાં ન બેઠા. તેથી સૌએ કહ્યું : ''જો આપ નહિ બેસો તો મુસલમાન નવાબને હિંદુ પરનો અભાવ વધશે અને આપ જેવાનો અવગુણ આવશે.'' તે વખતે સ્વામીએ કહ્યું : ''અવગુણ આવવો ન આવવો એ કંઈ એના હાથમાં નથી. પણ અમે નહિ બેસીએ.'' સ્વામી મ્યાનામાં ન બેઠા તે વાત નવાબ સાહેબ પાસે પહોંચી. તેને થયું કે 'એવા એ કોણ અને ક્યાંના છે ?' જે રૂપાના મ્યાનાનો ત્યાગ કરીને સાદા સિગરામમાં બેઠા ત્યારે કોઈએ સ્વામીની જૂનાગઢના ગિરનારી સિધ્ધ અને ઓલિયા પુરુષ તરીકે ઓળખાણ આપી. આવા સિધ્ધ પુરુષના દર્શન કરવાની નવાબને ઉત્કંઠા થઈ. તેથી નવાબ દર્શને આવતા સ્વામીએ નવાબ સાહેબને કુરાનમાંથી ઘણી વાતો કરી. નવાબ સાહેબ આ વાતો સાંભળી રાજી થઈને સ્વામીના ચરણોમાં નમી પડ્યા.

૪. **મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, ''બહુ આગળ વધી જશો.'' (૬/૧૭)** સ્વામી મુક્તાનંદ સ્વામી સાથે જેતલપુર મહોલમાં ઉતારો - મુક્તાનંદ સ્વામી રાતે પાથર્યા વિના સૂતા - તે જોઈને ગુણાતીતાનંદ સ્વામી પણ પાથર્યા વગર ભોય સૂતા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું. મારે મહારાજની આજ્ઞા છે. તેથી સૂતો - તમે પાથરીને સૂઓ - ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે મહારાજની આજ્ઞા બધા માટે છે. કલ્યાણનો ખપ મારે પણ રાખવાનો છે. તેથી કાંકરાવાળી જમીન પર પાથર્યા વિના સૂતા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, ''બહુ આગળ વધી જશો.''

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **અમારા તિલક (૧૪/૨૯-૩૦)** પંચાળામાં એક વખત સભામાં મહારાજે સૌ સંતોને અહીંની ચંદન જેવી પીળી માટીના ખડા

આપ્યા અને સંતોને તિલક કરવા આજ્ઞા કરી. બીજે દિવસે સવારે મહારાજે જોયું તો કોઈ સંતોના કપાળમાં તિલક નહોતા. મહારાજે આનું કારણ પૂછ્યું ત્યારે સંતોએ કહ્યું કે, 'તિલક શાનાથી કરવું ?' કારણ કે આગલા દિવસે આપેલા માટીના ખડા સૌ મહારાજની પ્રસાદી જાણીને ખાઇ ગયા હતા. તેથી સૌ ભોંઠા પડી ગયા. મહારાજે ફરીથી સૌને ખડા અપાવ્યા. બીજે દિવસે સૌ ભેંસભડકામણાં તિલક કરીને આવ્યા. આ જોઈ મહારાજ ખૂબ હસ્યા. પછી પોતાના તિલક સમાન પ્યારા સંતની સૌને ઓળખાણ કરાવવા મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં પોતાના શુભહસ્તે સુંદર મજાનું તિલક અને તેની મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. પછી સ્વામીને બતાવતાં સૌ સંતોને સંબોધીને કહ્યું : 'જુઓ, અમારા તિલક.' વળી આગળ વધુ સ્પષ્ટતા કરતાં મહારાજ બોલ્યા 'હું જેવો કોઈ ભગવાન નથી, આ જેવા કોઈ સાધુ નથી.'

૨. **મહારાજ જામીન થયા (૨૩/૪૧)** સંવત ૧૮૮૩માં પ્રબોધિની ઉત્સવ પછી મહારાજે બધા પરમહંસોને અક્ષર ઓરડીમાં બોલાવી સભા કરી. તે વખતે બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢથી આવેલા. ગુણાતીતાનંદ સ્વામી કોઈ કારણસર પાછળ રહી ગયેલા. મહારાજે સૌ પરમહંસોને પંચ વર્તમાન પાળવામાં ફેર પડે નહિ તે માટે અંદરોઅંદર એકબીજાના જામીન થવા કહ્યું. જેને જેની સાથે મેળ હોય તે અરસપરસ એકબીજાના જામીન થયા. તે જ વખતે ગુણાતીતાનંદ સ્વામી આવે છે. તેમને જોઈને બ્રહ્માનંદ સ્વામી કહે છે, ''અહીં બેઠેલ સૌ એકબીજાના જામીન થયા છે. હવે કોઈ બાકી નથી માટે તેમના જામીન કોણ થશે ?'' ત્યારે મહારાજે કહ્યુંઃ ''સ્વામી ! એમના તો અમે નિરંતરના જામીન છીએ.'' આ સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. સૌને લાગ્યું કે સ્વામી પર મહારાજનો અનહદ રાજીપો છે.

૩. **તુલસી દવેને સમાધિ (૪૫/૭૨-૭૩)** સંવત ૧૯૧૮માં ચૈત્રી પૂનમનો સમૈયો વરતાલ કરી સ્વામી ફરતાં ફરતાં બોટાદ પધાર્યા. અહીં પુરાણી તુલસી દવે કથા કરતા હતા. તેમની કથા સાંભળીને સ્વામીની તેમના ઉપર દૃષ્ટિ પડી. સ્વામીએ તેમને જૂનાગઢ આવવા કહ્યું. જૂનાગઢ જતા રસ્તામાં એક હરિભક્તે તેમને પૂછ્યું 'તુલસી ! કંઈ જણાય છે ?' ત્યારે તેમણે કહ્યું કે બોટાદમાં હતા અને જે સંકલ્પો થતા હતા, તે તમામ સ્વામીની સાથે રહેવાથી શમી ગયા છે અને અંતરમાં આનંદ વર્તે છે. જૂનાગઢ પહોંચ્યા પછી તુલસી દવેએ પૂછ્યું : 'સ્વામી ! મને અષ્ટાંગયોગ સિદ્ધ ન કરાવો ?' ત્યારે સ્વામીએ હસીને કહ્યું : 'અષ્ટાંગયોગનું ફળ સમાધિ છે માટે જાઓ તમને સમાધિ થશે.' બીજે દિવસે સ્વામીએ તેમને ધ્યાનમાં બેસાડ્યા. સ્વામીની કૃપાદૃષ્ટિથી તેમને તરત સમાધિ થઈ. સમાધિ અવસ્થામાં તેમણે અર્ચિમાર્ગે સ્વામી સાથે ગતિ કરી. પ્રકૃતિપુરુષનો લોક જોયો. સ્વામીના દિવ્ય પ્રકાશમય સ્વરૂપની પાછળ પાછળ જતાં અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજને બેઠેલા જોયા. આજુબાજુ અનંતકોટિ મુક્તો બેઠા હતા. તેમની ઓળખાણ ન થઈ પણ મહારાજની કૃપાથી બોટાદના શિવલાલ શેઠ, રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામીના અસલ સ્વરૂપોના દર્શન થયા. ઠેઠ મહારાજના સિંહાસનના ત્રીજે પગથિયે જઈને તે ઊભા રહ્યાં. મહારાજની ઈચ્છાથી એમણે છ પ્રશ્નો પૂછયા. તેનો અનુભવ મહારાજે તેમને કરાવ્યો. સાતમો પ્રશ્ન તેમણે પૂછયો કે આ ગુણાતીતાનંદ સ્વામીને બધા અક્ષર કહે છે તેનું કેમ સમજવું ? મહારાજ કહે તમારે જોવું છે ? તેમણે હા પાડી તો મહારાજની ઈચ્છાથી સ્વામીની મૂર્તિમાંથી અપાર તેજ નીકળ્યું. જાણે તે તેજ ધામરૂપે સર્વ મુક્તો અને મહારાજને ધરી રહ્યું ન હોય ! અને સ્વામીને સાધુરૂપે મહારાજ પાસે સેવામાં ઊભેલા જોયા. આ રીતે સ્વામીના યથાર્થ સ્વરૂપની પ્રતીતિ તુલસી દવેને સમાધિ દ્વારા થઈ. યોગીઓને પણ દુર્લભ એવો સમાધિનો અનુભવ સ્વામીએ પોતાના ભક્તને કરાવ્યો.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢની મહંતાઈ ક્યાં અને ક્યારે સોંપી ? (સંવત અને તિથી) (૨૪/૪૨, ૨૫/૪૩)

જ. ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢની મહંતાઈ ગઢડામાં સંવત ૧૮૮૩ના ચૈત્રી પૂનમે સોંપી.

૨. જૂનાગઢના નવાબની વિનંતી સાંભળી મહારાજે તેમને શું કહ્યું ? (૨૫/૪૪)

જ. જૂનાગઢના નવાબની વિનંતી સાંભળી મહારાજે તેમને કહ્યું : 'અમે રહીએ કે અમ જેવા રાખીએ ?'

૩. શ્રીજીમહારાજે કયા હરિભક્તને અક્ષરધામ બક્ષિસ આપ્યું ? (૨૫/૪૩)

જ. શ્રીજીમહારાજે કુરજી દવેને અક્ષરધામ બક્ષિસ આપ્યું.

૪. અંતિમ સમયે સ્વામીને જોઈ શ્રીજીમહારાજ કયું કીર્તન બોલ્યા ? (૨૬/૪૫)

જ. અંતિમ સમયે સ્વામીને જોઈ શ્રીજીમહારાજ બોલ્યા : 'મીઠા વ્હાલા કેમ વિસરો, મારું તમથી બાંધેલ તન હો, તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો.... મીઠા'

૫. સુરતમાં ગુણાતીતાનંદ સ્વામી શા માટે રોજ ઝોળી માગવા જતા ? (૮/૨૨)

જ. મહારાજની મૂર્તિમાં અખંડ જેની વૃત્તિ છે તેવા સ્વામી તો તે નિયમોનું સખત પાલન સહજભાવે કરી શકતા, તેથી સુરતમાં ગુણાતીતાનંદ સ્વામી રોજ ઝોળી માગવા જતા.

૬. ભાદરા અને શેખપાટની વચ્ચે શિવના દેરામાં કયા બે ભક્તો સત્સંગ કરતા ? (૨/૬)

જ. ભાદરા અને શેખપાટની વચ્ચે શિવના દેરામાં મૂળજી ભક્ત અને લાલજી ભક્ત સત્સંગ કરતા.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :-(૧) આ જ ભાવાર્થ હોવો જરૂરી નથી. પરીક્ષકે વિષયને અનુરૂપ ભાવાર્થ છે કે નહીં તે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ. (૨) જે પ્રસંગમાં એકથી વધારે પ્રસંગ આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ કોઈ પણ એક પ્રસંગ લખ્યો હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **સ્વામી ઉપશમમાં (૩૪/૫૯-૬૦)** એક દિવસ સભામાં મહાપૂજા થતી હતી. સ્વામી એકદમ ઉપશમમાં ઊતરી ગયા. કાંઈ બોલે નહિ, પોતાની મેળે ક્યારેક બોલે તો 'હે રાજા રહુગણ ! તું એકોવિદ છો.' આ સમાચાર ચારેબાજુ - સૌ સંતો હરિભક્તો જૂનાગઢ આવવા લાગ્યા. સ્વામી સામે અનિમિષ દૃષ્ટિ. ચોથે દિવસે ચાર વાગે ઠાકોરજી ઊઠ્યા. સ્વામી પોતાની મેળે ઊઠ્યા. સભામાં પોતાના આસને - સ્વામી : 'આ ટાણે તમારાં સૌના મન મારા વિષે સ્થિર - થઈ ગયા છે તેવા જો અખંડ રહે તો તમારે કોઈને કાંઈ કરવાનું રહેતું નથી. કપડાં વેંચતા વેપારીનું દૃષ્ટાંત આપી કહ્યું, 'બીજા સંતો અક્ષરધામથી મહારાજના સ્વરૂપના જ્ઞાનની ગાંસડીઓ લઈ આવ્યા. પણ પાત્ર-કુપાત્રના વિચારમાં રહી ગયા અને જ્ઞાનની ગાંસડીઓ પાછી અક્ષરધામ લઈ ગયા. અમે મહારાજના સર્વોપરી પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન, અક્ષરના સ્વરૂપનું જ્ઞાન પાત્ર-કુપાત્રનો વિચાર કર્યા વગર કહેવા જ માંડ્યું છે.' કોઈ સમજે કે ન સમજે પણ જાણશે તો ખરા કે સ્વામીએ આવું જ્ઞાન પ્રવર્તાવ્યું. પછી બોલ્યા. આજે તમે તમારી તમામ વૃત્તિનો નિરોધ કરી અમને જોઈ રહ્યા છો. એમ ને એમ જો કાયમ રહે તો તમારી ગ્રંથિઓ ગળી જાય અને વાસનાનો નાશ થઈ જાય. **ભાવાર્થ:** ગ્રંથિઓ ગાળવા અને વાસનાનો નાશ કરવા માટે તમામ વૃત્તિઓનો નિરોધ કરી પ્રગટ સત્પુરુષ સામે જોઈ રહેવું જોઈએ. આપણને જે અક્ષર અને પુરુષોત્તમનું જ્ઞાન મળ્યું છે. તે પાત્રકુપાત્ર જોયા વગર તેની વાત કરવી જોઈએ. સબીજ જ્ઞાન છે. ગમે ત્યારે ઊગ્યા વગર રહેવાનું નથી.

૨. **રંકમાંથી રાય (૩૭/૬૨-૬૩)** શિયાળાની એક સાંજે સ્વામી, શ્રીજીમહારાજના પ્રસાદીના નારાયણ ધરે સંત-હરિભક્તો સાથે સ્નાન કરીને પાછા ફરતા હતા - ઠંડીનો ચમકારો - સ્વામીને ખૂબ ઠંડી લાગી - તેથી તાપવાની ઈચ્છા - થોડે દૂર રસ્તા પર મુસલમાન કઠિયારો તેની મા સાથે લાકડાંની ભારી બાંધીને બેઠો હતો - ભગતે સ્વામીને ટાઢ ચડી હોવાથી તાપવા માટે લાકડાની માંગણી - બાઈએ ઓલિયા જેવા ફકીર માટે આખી ભારી દીકરા પાસેથી અને પોતાનામાંથી બે ઈંધણાં આપ્યાં. ફકીરની દુઆ મેળવવાની ઈચ્છા - સ્વામી રાજી, હવે તેને લાકડાં કાપવાં નહિ પડે. સ્વામી મંદિરે પરત - આ કઠિયારો બાઉદ્દીન - તેની બહેન સાથે બજારમાં - નવાબની સવારી - બહેનનું રૂપ જોઈ નિકાહ પઢવાની ઈચ્છા - દરબારમાં બોલાવી વાત કરી - માની સંમતિથી બાઉદ્દીને નવાબ સાથે બહેનને પરણાવી - નવાબના ખાનગી કારભારી અને દીવાન બન્યા - સ્વામીના આર્શીવાદથી જ પોતાની ઉન્નતિ - તેનો ખ્યાલ - મંદિરે દર્શને આવતા - રસોઈ આપતા - સંતોની સેવા કરતા. **ભાવાર્થ :** સ્વામી જેવા પુરુષના આશીર્વાદથી ભાગ્ય પણ ફરી જાય. ઉન્નતિ થાય. બાઉદ્દીને તેનો ખ્યાલ હંમેશા રાખેલો. તેઓ મંદિરે આવતા અને સેવા કરતા તેમ આપણે ગમે તેટલી ઊંચી જગ્યાએ પહોંચીએ પણ ભગવાન અને સંતને ન ભૂલવા જોઈએ.

૩. **દર્શનનો ખપ (૭/૧૯-૨૧)** સંવત ૧૮૬૮ની કૃષ્ણપક્ષની રાત્રિએ ઝરમર ઝરમર વરસાદ વીજળીના ઝબકારા અને મેઘના કડાકા સાથે વરસતો હતો. સૌ સંતો મહારાજનાં પ્રત્યક્ષ દર્શન અને સમાગમનું સુખ લઈ પોતપોતાના આસને પાછા ફર્યા હતા. આ વખતે ગુણાતીતાનંદ સ્વામી એક ઓરડાની ભીંતે જરા ઓથ હતી ત્યાં વરસાદથી કંઈક બચતા મહારાજનાં દર્શનની અભિલાષાએ ચકોરની માફક નેવા નીચે અર્ધભીંજાતા ઊભા હતા. એવામાં મુક્તાનંદ સ્વામી કંઈક કારણસર ઓરડા બહાર આવ્યા ને ત્યાં કોઈકને ઊભેલા જોઈ કોણ છે એ ? એવું પૂછ્યું, સ્વામીએ નમ્રભાવે ધીરેથી જવાબ આપ્યો કે, 'હું નિર્ગુણાનંદ, મહારાજ દરબારગઢમાં વાતો કરવા ગયા છે.' તે પાછા પધારે ત્યારે દર્શનની ઝાંખી થઈ જાય તે આશયથી અહીં ઊભો છું.' મહારાજનાં દર્શનની આવી તેમની તીવ્ર આસક્તિ જોઈ મુક્તાનંદ સ્વામી વિસ્મય પામી વિચારવા લાગ્યા કે, નથી દેહની દરકાર કે નિદ્રાની પણ જરૂર નથી ! મહારાજની મૂર્તિને અખંડ અંતરમાં દેખે છે તો પણ પ્રત્યક્ષ દર્શનની કેટલી તાણ છે? સ્વામી મોડી રાત સુધી અર્ધભીંજાયેલી સ્થિતિમાં શીતળ પવનથી ધ્રૂજતા ઊભા રહ્યા. મહારાજ દરબાર ગઢમાંથી ભગવદ્વાર્તા કરીને પાછા ફરતા હતા ત્યારે વીજળીના પ્રકાશમાં મહારાજનાં દર્શનની ઝાંખી કરી લઈ ઘેલાને કાંઠે ઝાડ નીચે જઈને સૂતા. **ભાવાર્થ :** પોતે મહારાજને અખંડ ધારી રહ્યા હોવા છતાં તેમને દર્શનની કેટલી તાણ હતી કે તેઓ દેહનો અનાદર કરતા. અહીં તેમની મહારાજ પ્રત્યેની પરાભક્તિના દર્શન થાય છે. સાધન કરતાં કરતાં અખંડ અંતરમાં મૂર્તિ દેખાય છતાં ભગવાનનું જે પ્રત્યક્ષ સ્વરૂપ હોય તેના દર્શનની પણ તેટલી જ તાણ રાખવી જોઈએ.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૩, ૪ (૪૧/૬૭)    ૨. ૧, ૩ (૪૪/૭૧)    ૩. ૧, ૨ (૧૦/૨૫)    ૪. ૧, ૨ (૪૯/૭૮)

❑ ❑ ❑